SHREE SAHKAR EDUCATION TRUST'S

# Shree Dhanvantary Pharmacy College

(Approved by AICTE & PCI-New Delhi and Affiliated to GTU)

તા.૨૩/૦૧/૨૦૧૭





## પ્રેસનોટ

## શ્રી ધંનવંતરી ફાર્મસી કોલેજ, કીમમાં ગેસ્ટ લેકચરનું આયોજન

શ્રી સહકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ધનવંતરી કેમ્પસમાં શ્રી ધનવંતરી ફાર્મસી કોલેજ, શ્રી ધનવંતરી કોલેજ ઓફ ડિપ્લોમા એન્જીનીયરીંગ, શ્રી ધનવંતરી ફાર્માસ્યુટિકલ એનાલીસીસ એન્ડ રીસર્ચ સેંટર તેમજ શ્રી ધનવંતરી ઇન્ટરનેશનલ સ્કૂલ સફળતાપૂર્વક કાર્યરત છે. જેમાં KG થી ધોરણ ૯, ડિપ્લોમા એન્જીનીયરીંગ, બી.ફાર્મ., એમ.ફાર્મ., ફાર્મ. ડી. (ડોક્ટરેટ ઓફ ફાર્મસી) તેમજ પી.એચ.ડી. સુધીના અભ્યાસક્રમો કાર્યરત છે. આજરોજ કોલેજ કેમ્પસમાં કોલેજના ફાર્મસીના વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓ માટે આજરોજ એક ગેસ્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ધનવંતરી ફાર્મસી કોલેજ દ્વારા Mr. Ganesh Prabhu, Ph.D. Scholar, Department of Chemistry, School of Natural Sciences, Shiv Nadar University, Greater Noida દ્વારા "Exploring Chemical Libraries Using Network Measures" વિષય ઉપર લેકચર આપવામાં આવ્યું હતું. તેમનો પરિચય તેમજ તેમનું પુષ્પગુચ્છ થી સ્વાગત ફાર્મસી કોલેજના પ્રીન્સીપાલશ્રી ડૉ. એમ.એન. નૂલ્વી દ્વારા કરવામાં આવ્યું હતું. આ ગેસ્ટ લેકચરમાં કોલેજના વિદ્યાર્થીઓ તથા કોલેજના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ લેકચરના અંતે પ્રશ્નોત્તરી પણ થઇ હતી. આ કાર્યક્રમનું સંચાલન તેમજ આભાર વિધિ ફાર્મસી કોલેજના આસી. પ્રોફેસર ભાવિની ધરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ફાર્મસી કોલેજના પ્રીન્સીપાલશ્રી ડૉ. એમ.એન.નૂલ્વી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ તેમજ ટ્રસ્ટીશ્રીઓએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

Principal
Shree Dhanvantary Pharmacy College
Kim, Dist- SURAT

Nr. Railway Station, Dhanvantary College Road, At : KIM (East), Dist.: Surat - 394110, Gujarat, INDIA.
Ph: +91 99041 04830, +91 99242 04829, Email : info@sdpc.co.in, web : sdpc.co.in